## જન્મદિને વધામણી



રૂદ્ર સાધુ



દર્શિની જાટકીયા
મો. ૯૬૨૪૧ ૩૩૩૪૧



કૃશાંગ ચેતનસિંહ વાઘેલા

## ‘જન્મદિને વધામણી’ અંગે અગત્યની સૂચના

‘જન્મદિને વધામણી’ વિભાગ અંતર્ગત ગાંધીનગર સમાચાર દ્વારા કોઈપણ જાતના ભેદભાવ વિના કોઈપણ વ્યક્તિના જન્મદિવસે તેની તસવીર, હોદ્દા અને ટેલિફોન નંબર/મોબાઈલ નંબર સાથે પ્રકાશિત કરવામાં આવે છે. વાચકોને નમ્ર વિનંતી છે કે જે દિવસે તેમનો **જન્મદિવસ હોય તેની અગાઉના દિવસે બપોરે ૧ વાગ્યા સુધીમાં** તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ - નામ, હોદ્દા (સામાજિક કે કાર્યના) અને ફોન/મોબાઈલ નંબરની વિગતો સાથે પહોંચાડવો. એ પછી મળેલા ફોટોગ્રાફ પ્રકાશિત નહીં કરી શકાય, તેથી પ્રકાશન હેતુ આ બાબતની નોંધ લેવા સાદર વિનંતી છે. વાચક ઈચ્છે તો અગાઉથી ફોટોગ્રાફ અને વિગતો કાર્યાલય ખાતે પહોંચાડી શકે છે, પરંતુ જન્મદિવસના અગાઉના દિવસે બપોરે ૧ વાગ્યા સુધીમાં તે કાર્યાલય ખાતે મળી જાય તે જરૂરી છે.

- સંપાદક

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય

## ૭ ગામોનાં નિરાધાર વૃધ્ધ બહેનોને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે ૯૮ વૃધ્ધ નિરાધાર બહેનોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૭ ગામોનાં બહેનોને આ લાભ આપવામાં આવ્યો હતો. ઉપરાંત, ભેટાઈમાં ૮ વૃધ્ધોને ચોખાનું વિતરણ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું અને રહેલબા વૃધ્ધાશ્રમમાં ૯ કિગ્રા ચોખા આપવામાં આવ્યા હતા. પ્રફુલ્લ ગુપ્તેની જન્મતિથિ નિમિત્તે આજે આ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. રક્ષા ગોહિલ, ગોપાલભાઈ, શ્લોક ઘાટે, કમલેશભાઈ તથા મિલિન્દ ગુપ્તે આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૪**
તમાશા
૧૨.૪૫
પ્રેમ રતન ધન પાયો
૩.૩૦
એન્ગ્રી ઈન્ડિયન ગોડેસીસ
૭.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
છેલ્લો દિવસ
૩.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦, ૧૨.૩૦

# બૉર્ડ દ્વારા સાયન્સની ફાઈનલ આન્સર કી સુધારવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા ઑક્ટોબર-નવેમ્બરમાં લેવામાં આવેલી સાયન્સની પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા બાદ ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી, જેમાં પણ ભૂલો અંગેની રજૂઆતો બૉર્ડને મળી હતી.

આ કારણે બૉર્ડ દ્વારા ફાઈનલ આન્સર કીની તજ્જ્ઞો પાસે ચકાસણી કરાવવામાં આવી હતી અને આ આન્સર કીમાં ભૂલો હોવાનું સાબિત પણ થયું હતું. હવે બૉર્ડ દ્વારા તેમાં સુધારો કરી દેવામાં આવ્યો છે. આ અંગેની સત્તાવાર જાહેરાત બૉર્ડ દ્વારા કરી દેવામાં આવી છે અને સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૩ના જુદાજુદા પેપર સેટના મળી કુલ ૧૨૫ જેટલા પ્રશ્નોમાં સુધારો જાહેર કરવામાં આવ્યો છે.

મંગળવારે બૉર્ડ દ્વારા બાયોલોજી-ફિઝિક્સની ફાઈન્સ આન્સર કીમાં જે ભૂલો રહી ગઈ હતી તે સુધારી તેની જાહેરાત કરી દેવામાં આવી છે અને સુધારા પછીની આન્સર કી પણ વેબસાઈટ પર મૂકી દેવામાં આવી છે.

બાયોલોજીમાં પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરના તમામ પેપર સેટના મળી કુલ ૧૦૪ પ્રશ્નોના જવાબમાં ભૂલ હતી જ્યારે સેમેસ્ટર-૩ના ફિઝિક્સના તમામ પેપર સેટની મળી કુલ ૨૧ પ્રશ્નોની આન્સર કીમાં ભૂલો હતી, જે સુધારી લેવામાં આવી છે.

# સે. ૭ની મહારાણા પ્રતાપ વિદ્યામંદિર ખસેડવા સામે વાલીઓનો નમ્ર વિરોધ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ ખાતે કાર્યરત મહારાણા પ્રતાપ વિદ્યામંદિરને અહીંથી ખસેડવા તથા અન્ય શાળામાં મર્જ કરવાની બાબતે વાલીઓમાં ભારે વિરોધનો સૂર ઊઠી રહ્યો છે.

અગાઉ પણ આ બાબતે વાલીઓએ મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી પરંતુ હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી અને શાળાને અન્યત્ર ખસેડવાનો આગ્રહ સત્તા દ્વારા ચાલુ રાખવામાં આવ્યો છે. વાલીઓને આ બાબતે મનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

અલબત્ત, વાલીઓ આ મુદ્દે એકના બે થવા રાજી નથી. એમને એમનાં બાળકો આ જ સ્કૂલમાં અભ્યાસ કરે તે પસંદ છે, બાળકોને દૂર મોકલવા વાલીઓ રાજી નથી.

આ અંગેનું એક આવેદનપત્ર આજે વાલીઓએ અધિક કલેક્ટરને આપ્યું હતું, જેમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે તેઓ પોતાનાં બાળકોને અન્ય શાળામાં મોકલવા તૈયાર નથી.

જો સરકાર ખૂટતા શિક્ષકો અને સુવિધા પૂરી પાડે તો ન માત્ર શાળાનું પરિણામ, પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી શકે તેમ છે. આ ઉપરાંત વાલીઓએ પોતે પણ શાળા અહીં રહે તે હિતમાં વિદ્યાર્થીઓ અને પરિણામ વધારવા માટે પ્રયત્નશીલ રહેવા તૈયાર છે. આ બાબતો ધ્યાને રાખતાં વાલી મંડળે પોતાનાં બાળકોના હિતમાં શાળાને અન્યત્ર ન ખસેડવા માટે રજૂઆત કરી છે.

## હર્ષ બ્રહ્મભટ્ટનાં ત્રણ પુસ્તકોનું મોરારિબાપુના હસ્તે વિમોચન

ગાંધીનગર, તા. ૧૬

સૂર અને શબ્દની સંગતના ઉત્સવની મહેફિલ ‘અનુષ્ઠાન’ની મંગળવારથી શરૂઆત થઈ છે, જેના પ્રથમ દિવસે કવિ હર્ષ બ્રહ્મભટ્ટના ત્રણ પુસ્તકો ‘કોડિયામાં પેટાવી રાત’, ‘આભ દોર્યું તો સૂરજ ઉગ્યો’તો’ અને ‘મંઝિલોં કો હટાકે ચલતે હૈ’નું વિમોચન મોરારિબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પુસ્તકોનું વિમોચન કરતાં મોરારિબાપુએ જણાવ્યું હતું કે ‘શબ્દની સાધના કરનારનાં ત્રણ લક્ષણ છે. શબ્દ સેવવો એ તપસ્યા છે. બીજો પ્રકાર મનસ્વી સાધકનો છે. મનસ્વીપણું એટલે મૂઢતા નહીં. દબાયેલો કવિ કે સંગીતકાર ન ચાલે અને તો સૂર-શબ્દનો મહિમા જળવાશે.’ ‘એવોર્ડ વગર પણ સર્જકો યશસ્વી છે અને તેમનું યશસ્વીપણું, મનસ્વીપણું અને તપસ્વીપણું જળવાવું જોઈએ’ એમ પણ તેમણે જણાવ્યું હતું.

‘અનુષ્ઠાન’ના પ્રથમ દિવસના કાર્યક્રમની શરૂઆત કવિ તુષાર શુક્લ દ્વારા પ્રાસંગિક આવકાર અને યુવા કલાકારો દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. એ પછી જાણીતા લોકસાહિત્યકાર સાંઈરામ દવેએ હાસ્યરસ પીરસ્યો અને તબલાં તાલીમ સંસ્થાના મુંજાલ મહેતા તથા તેમના વિદ્યાર્થીઓ દ્વારા તલબાંવાદન રજૂ કરવામાં આવ્યું. કવિ ઉદયન ઠક્કરને મોરારિબાપુના હસ્તે કવિ રમેશ પારેખ સન્માન એનાયત કરવામાં આવ્યું, જ્યારે અનિકેત ખાંડેકરને સ્વરકાર-ગાયક શ્રી રાસબિહારી દેસાઈ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ શ્યામલ મુનશી દ્વારા ‘પરિઘની પેલે પાર’ અને નૃત્ય ભારતીના કલાકારો દ્વારા ‘સીતાયન’ની રજૂઆત કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ સંકલનનો દોર કવિ રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ અને તુષાર શુક્લ દ્વારા સંભાળવામાં આવ્યો હતો.

## વિસનગરા નાગર પરિવારની કારોબારી-સલાહકાર બેઠક રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની કારોબારી, સલાહકાર સમિતિની બેઠક રવિવારે યોજવામાં આવી છે.

આ અંગેની એક અખબારી યાદીમાં પરિવારના મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે કે વાર્ષિકોત્સવ, સ્નેહ સંમેલન અને સામાન્ય સભા બાબતની આ બેઠક આગામી તા. ૨૦ ડિસેમ્બર ને રવિવારના રોજ સાંજે પાંચ કલાકે સનતભાઈ/કમલેશભાઈ પંડ્યાના નિવાસસ્થાન, પ્લૉટ નં. ૪૫૫, સેક્ટર-૮ બી, ગાંધીનગર ખાતે યોજવામાં આવી છે. જેમાં ઉપસ્થિત રહેવા સૌ સભ્યોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઍસજીવીપી ગુરુકુળ ખાતે પાંચ દિવસમાં ૩૦ કરોડ આહૂતિ

ગાંધીનગર, તા. ૧૬

ઍસજીવીપી ગુરુકુળ, અમદાવાદ ખાતે ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગ યોજવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે સમગ્ર પરિસર મંત્રોથી ગૂંજી ઊઠશે.

ભારતીય પરંપરામાં યજ્ઞનું ખાસ મહત્ત્વ છે ત્યારે ઍસજીવીપી ગુરુકુળ દ્વારા મંત્રોચ્ચાર સાથે ૩૦ કરોડથી વધુની આહૂતિનું આયોજન કરવામાં આવ્યું છે. વેદકાલની પરંપરા મુજબ ૨૪ ઋષિકુમા વૈદિક મંત્રોચ્ચાર સાથે સૂર્યનારાયણને અર્ઘ્ય પ્રદાન કરશે. એક માસ સુધી આ યજ્ઞ પરંપરાનું આયોજન થશે. તા. ૨૩થી ૨૭ ડિસેમ્બર દરમ્યાન ઍસજીવીપી ગુરુકુળ, છારોડી ખાતે આયોજિત ૧૧૧૧ કુંડી મહાયજ્ઞ પ્રસંગે શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં ‘વિશ્વશાંતિ સત્સંગ સત્ર’ યોજવામાં આવશે. યજ્ઞ દર્શન સવારે ૮થી ૧૨ અને સત્સંગ સત્ર સાંજે ૪થી ૮ દરમ્યાન યોજાશે. સર્વ જીવનહિતાવહ, વિશ્વ કલ્યાણાર્થે આ મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાઆયોજન માટે છેલ્લા ચાર માસથી વિશાળ યજ્ઞશાળા તૈયાર થઈ રહી છે, જેનું કાર્ય હવે અંતિમ તબક્કામાં છે. અહીં મુખ્ય ‘શ્રીધર કુંડ’ તૈયાર કરવામાં આવ્યો છે અને નૈમિષારણ્યમાં જે રીતે બ્રહ્મસત્ર થયું હતું તેના એક અંશરૂપ માત્ર પાંચ દિવસ પૂરતું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભરના સંતો-વિદ્વાનો આવશે. જૂના અખાડા-હરિદ્વારના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદગિરિજી મહારાજ, શ્રી રવિશંકરજી, યોગગુરુ સ્વામી રામદેવજી, જાણીતા કથાકાર રમેશભાઈ ઓઝા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે અને અગ્રણી સંતો-મહંતો પોતાના વિચારો રજૂ કરશે.

પાંચ દિવસ દરમ્યાન ૬ હજારથી વધુ યજમાનો દ્વારા ૩ કરોડથી વધુ આહૂતિ આપવામાં આવશે. આ મહાવિષ્ણુયાગમાં ઍસજીવીપી ગુરુકુળ ઉપરાંત ભાગવત વિદ્યાપીઠ, સોલા, સાંદિપનિ સંસ્કૃત મહાવિદ્યાલય, પોરબંદરના ઋષિકુમારો પણ ભાગ લેશે.

# ‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક’ પસંદગી માટેના માપદંડમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોને પ્રોત્સાહિત કરવા તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકોને અપાતા ‘શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક’ પસંદગી માટેના માપદંડોમાં ફેરફાર કરાયા છે. સુધારેલા માપદંડોમાં શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર માટે સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો-આચાર્યો માટે ગુણોત્સવમાં ઓછામાં ઓછા એ અથવા બી ગ્રેડ મેળવ્યા હોય તેવી શાળાઓના શિક્ષકો-આચાર્યો તેમજ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક માટે પોતાના વિષયનું બોર્ડનું પરિણામ જે વિભાગ માટે અરજી કરી હોય તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૮૦ ટકાથી વધુ અને શાળાનું પરિણામ ૮૦ ટકાથી વધુ હોવું જોઈએ.

શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકમાં પસંદગી માટેની સુધારેલી જોગવાઈ મુજબ શિક્ષકો, સી.આર.સી., કેળવણી નિરીક્ષક ઉપરાંત આ વખતે બી.આર.સી., મદદની કેળવણી નિરીક્ષકનો પણ સમાવેશ કરાયો છે. સરકારી પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર માટે ૧૫ વર્ષનો અનુભવ જરૂરી છે. માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યો, સી.આર.સી., બી.આર.સી., મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) અને કેળવણી નિરીક્ષક માટે કુલ ૧૫ વર્ષના અનુભવમાં જે તે જગ્યા ઉપરનો ૫ વર્ષનો અનુભવ હોવો જોઈએ. અપંગ કેટેગરી માટે ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ નક્કી કરવામાં આવ્યો છે.

### પુરસ્કાર માટે નવા ૪ ઝોનની રચના કરાઈ : ગુણોત્સવના ગ્રેડિંગને ધ્યાને લેવાશે તેમજ શાળાનું ૮૦ ટકા પરિણામ જરૂરી

શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારની પસંદગી માટે પ્રથમવાર રાજ્યમાં ૪ સુધારેલી જોગવાઈ મુજબ ઝોનની રચના કરવામાં આવી છે. ઝોન-૧ના શહેરી વિસ્તારવાળા ૭ જિલ્લાઓમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર અને જૂનાગઢ, ઝોન-૨ના નવા ૭ ડિલ્લાઓમાં અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ અને દેવભૂમિ દ્વારકા, ઝોન-૩ના ૯ જિલ્લાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ તેમજ ઝોન-૪ના ૧૦ જિલ્લાઓમાં મહેસાણા, પાટણ, ગાંધીનગર, ખેડા, આણંદ, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર અને કચ્છનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગ દ્વારા કુલ ૫૨ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામાં આવશે. એવોર્ડ પંસદગી માટેની સમિતિને જરૂર જણાય તો શાળા સ્થળે ચકાસણી કર્યા બાદ તેમજ અરજદારની રૂબરૂ મુલાકાત લઈને પુરસ્કાર આપવામાં આવશે તેમ શિક્ષણ વિભાગના એક ઠરાવમાં જણાવાયું છે.

# તમામ પ્રાણીઓ પોતાની પ્રકૃતિ પ્રમાણે કર્મો કરે છે




પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહ કિં કરિષ્યતિ।

તમામ પ્રાણીઓ પોતપોતાની પ્રકૃતિ (સ્વભાવ) પ્રમાણે કર્મો કરે છે, તેનો નિગ્રહ કેમ થઈ શકે?

સૌ પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તે છે. સૌની આંખ પર મમત્વ તથા અહંકારની પટ્ટી બંધાઈ ગઈ છે. તેમના મનોભાવોનો પડઘો તેમના વર્તનમાં પડે છે. કહો કે આપણી આ સ્થિતિનું તેમાં સચોટ વર્ણન થયું છે.

ધર્મશાસ્ત્રોએ પુરુષ તથા પ્રકૃતિના સંયોગને જ સૃષ્ટિના સર્જન માટે કારણભૂત ગણાવેલ છે. પ્રકૃતિને ત્યાં ત્રિગુણાત્મક કહી છે. સત્વ-રજ તથા તમોગુણ-પ્રકૃતિથી ઉદ્‌ભવેલા છે. પ્રકૃતિના તમામ સર્જનોમાં એ ઓછાવત્તા પ્રમાણમાં ઊતરી આવે છે. માનવ એ તો પ્રકૃતિનું શ્રેષ્ઠ સર્જન છે તેથી પ્રકૃતિએ આ ત્રણે ગુણોની ભેટ માનવીને આપી છે. આ ગુણોના આધારે જ માનવીનો સ્વભાવ ઘડાય છે. અને જેનો જેવો સ્વભાવ તેવું તેનું વર્તન થાય એ સહજ વાત છે. સામાન્યતઃ દરેક વ્યક્તિમાં એક ગુણ પ્રમુખ સ્થાને તો અન્ય બે ગુણ ગૌણ સ્થાને હોય છે.

તેથી માનવીનું સામાન્ય વર્તન પ્રમુખ ગુણને અનુરૂપ હોય છે. પરંતુ ગુણોનું સંતુલન ઘણીવાર અતિરેક કે બાહ્ય કારણોસર બદલાતું રહે છે. ગીતાજીમાં પણ સ્પષ્ટતા છે કે ગૌણ ગુણો સાથે મળી પરિવર્તન કરે છે. સમય-સમય પર આવા ફેરફારો થતા રહે છે, તેથી કોઈ વ્યક્તિ પૂર્ણપણે સાત્ત્વિક કે તામસી નથી હોતી.

ઘણી વખત સામાન્ય વ્યક્તિ એવી મૂંઝવણ અનુભવે છે કે પોતાના કરતાં જ્ઞાની, સમજુ અને ઉચ્ચ કક્ષાના હોવા છતાં લોકો આવું નરાતલ જૂઠ્ઠું કેમ બોલતા હશે અથવા અયોગ્ય વર્તન કેમ કરતા હશે ? ચોક્કસ પરિસ્થિતિમાં મુકાયેલ વ્યક્તિના વર્તનને સમજવા માટે તેના વ્યક્તિત્વના ઘડતરના સિધ્ધાંતો સમજવા જોઈએ. વર્તન તો મોટાભાગે આકસ્મિક હોય છે અને વિચારો સ્વભાવ સાથે તથા સ્વભાવ મૂળભૂત ગુણ સાથે જોડાયેલ છે. રજોગુણી વ્યક્તિ પ્રવૃત્તિશીલ હોય, સત્તાપ્રિય હોય, માન તથા નામ પામવાનું ધ્યેય ધરાવતી હોય ત્યારે તમોગુણી આળસુ આળસુ, દીર્ઘસૂત્રી તથા કામ ન કરવા ઈચ્છતા હોય છે. કોઈ પ્રવૃત્તિશીલ માનવીને જો શાંતે કે પછી આળસમાં પડેલો જુઓતો સમજવું કે અત્યારે તે વ્યક્તિ તમોગુણના પ્રભાવ નીચે છે.

વ્યક્તિના વર્તનને ઘડનારાં અન્ય પરિબળો પણ હોય છે. જેમાં મોહ, જિદ, અભિમાન ઈત્યાદિનો સમાવેશ થાય છે. સામાજિક કે આર્થિક સ્થિતિ, સમાજમાં થતી અવગણના, વ્યસન કે લાંબા રોગના કારણે પણ સ્વભાવ, વર્તન બદલાય છે. યુધિષ્ઠિર જેવા સાત્ત્વિક, ધર્મપ્રેમી અને સત્યવ્રતધારી પણ જુગાર રમે, તેટલું જ નહીં એકવાર પૂરેપૂરા ફસાયા પછી પણ બીજી વાર રમવા તૈયાર થઈ જાય તે બતાવે છે કે તેનો જુગાર પ્રત્યેનો શોખ સાત્ત્વિકતા ભુલાવે છે. તે જ પ્રમાણે રજોગુણી ભીમ દુશાસનનું લોહી પીવે તે તેના તે સમયમાં વ્યાપ્ત તમોગુણનું પરિણામ છે. આરીતે વિચારતાં જ્ઞાની વ્યક્તિઓને પણ વ્યવર્થ બકવાદ કરતા જોઈ નવાઈ પામવા જેવું ન ગણાય. કલબમાં પાનાં ચિપાય ને જુગારી ત્યાં પહોંચી જાય. આપણે ત્યાં રોજ ચાર-પાંચ લાખનો દારૂ ઠલવાય છે. થોડાક પકડાય, સજાથાય પણ પીનારા નથી બદલાતા. ગાયની કત્લ કરવા પર પ્રતિબંધ હોવા છતાં એ તો થતી રહે છે, તેના કરનારનો સ્વભાવ કે ટેવ નથી બદલાતી. ત્રાસવાદીઓ ઉપર ઉપદેશની અસર નથી થતી. વર્તનની અભિવ્યક્તિ રોકવામાં કાયદા ટૂંકા પડે છે.

સહિષ્ણુતા-અસહિષ્ણુતાની ચર્ચામાં સામાન્ય માનવીને કશો રસ નથી. મિત્ર-મંડળોમાં, બજારમાં કે બાગ-બગીચામાં બેસવા જતા પણ પોતાના સુખદુખની વાતો કરે છે, કોઈ સહિષ્ણુતાનો ઢોલ પીટતું નથી.

ચોક્કસ પ્રકારના પૂર્વગ્રહોને કારણે પણ સ્વભાવ ઘડાય છે ને પછી તેમાં પરિવર્તનનો અવકાશ રહેતો નથી. ઘણીવાર યુવાની કે બેપરવાહી પણ વર્તન પાછળ કારણભૂત હોય છે. અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને પૂછેલું, ઈચ્છા ન હોવા છતાં માણસ પાપાચરણ કેમ કરે છે ? ભગવાને જવાબ આપ્યો, ‘કામ-ક્રોધના કારણે.’

જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે તેમ ગીતા કહે છે.

સ્વભાવગત વર્તમનાં બદલાવ આવે ખરો ? હા, આવે. જો વ્યક્તિ જાગ્રત અને વિવેકી હોય તો પોતાના વર્તનનું અવલોકન કરી સુધારો લાવી શકે. અલબત્ત, તે માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે. મુશ્કેલ તો છે, અશક્ય નથી.



# અર્થની સાથોસાથ દેશમાં પ્રદૂષણનો પણ વિકાસ

ગાંધીનગર, તા. ૧૬

દેશમાં આર્થિક વિકાસની સાથોસાથ પ્રદૂષણનું પ્રમાણ પણ વધી રહ્યું હોવાનું નાસા દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

છેલ્લા એક દાયકામાં ૧૯૫ શહેરોના ટ્રેન્ડ્સ પર નજર રાખ્યા બાદ નાસાના વિજ્ઞાનીઓએ જાહેર કર્યુંછે કે ભારત, ચીન અને મધ્યપૂર્વના દેશો ઝડપભેર આર્થિક વિકાસ તરફ ગતિ કરી રહ્યા છે અને અહીં ઉદ્યોગોનું પ્રમાણ વધી રહ્યું છે પણ સાથે સાથે વાયુ પ્રદૂષણની સમસ્યા પણ વધી રહી છે.

આ અભ્યાસનાં તારણો મુજબ અમેરિકા, યુરોપ અને જાપાનમાં હવાની ગુણવત્તા સુધરી છે, જેનું કારણ ઉત્સર્જનને અંકુશમાં રાખવાના નિયમનો કારણભૂત છે. અલબત્ત, હવામાં આ સુધારો લાંબા ગાળાના મક્કમ પ્રયાસોથી થયો છે, તે આડેધડ થયો નથી.

હવાની ગુણવત્તાના સંકેતો પ્રાપ્ત કરી શકતા આધુનિક અને હાઈ રિઝોલ્યુશનવાળા સૅટેલાઈટ મૅપ્સના આધારે નાસાએ ભારતમાં પ્રદૂષણ વધ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ નિરીક્ષણ દરમ્યાન વિજ્ઞાનીઓને વાતાવરણમાં એક એટમોસ્ફીયરીક વાયુ જોવા મળ્યો હતો, તે યલો-બ્રાઉન રંગનો નાઈટ્રોજન ડાયોક્સાઈડ હતો. સામાન્ય રીતે કાર, પાવર પ્લાન્ટ અને ઔદ્યોગિક પ્રવૃત્તિથી તે ઉત્સર્જિત થાય છે. નાઈટ્રોજન ડાયોક્સાઈડ ઝડપથી ગ્રાઉન્ડ લેવલ ઓઝોનમાં તબદીલ થઈ શકે છે અને તે શહેરી સ્મોગમાં સૌથી મોટું શ્વસન સંબંધી પ્રદૂષક છે.